GPCB

# GUJARAT POLLUTION CONTROL BOARD

PARYAVARAN BHAVAN
Sector 10-A, **Gandhinagar** 382 010
Phone : (079) 23226295
Fax : (079) 23232156
Website : www.gpcb.gov.in

પાણી પ્રદૂષણ (નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ -1974ની કલમ 33 અ હેઠળ ઉદ્યોગને

સૂચના (નોટીસ)

1) આપ મેસર્સ નર્મદા કલીન ટેક લીમીટેડ, સુરતી ભાગોળ, ઉમરાવાડા રોડ અંકલેશ્વર, જી.ભરૂચ ઠેકાણે કોમન એફ્યુલન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ચલાવો છો.

2) આપને જણાવવાનું કે, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના હુકમ નંબર- AWH- ૭૯૬૦૧ થી આપને ૨૪/૦૭/૨૦૨૧ સુધીના સમય માટે આપનો ઔદ્યોગિક એકમ ચલાવવાની મંજૂરી આપવામાં આવેલ છે.

3) આપને જણાવવાનું કે આપના ઉદ્યોગની તા: ૦૭/૦૫/૨૦૧૬, ૨૮/૦૬/૨૦૧૬ અને ૧૯/૦૭/૨૦૧૬ ના રોજ પાણી અધિનિયમની કલમ-23 હેઠળ બોર્ડના અધિકારીઓએ મુલાકાત લીધેલ ત્યારે નીચે મુજબની વિગતો જાણવા મળેલ હતી.

a) એકમમાં કમ્પાર્ટમેન્ટ C1 માં આશરે 5000 MT જેટલો સ્લજ ભરાઈ ગયેલ છે.

b) એકમ ફ્રેશવોટર કલીનીંગ અને કેમીકલ પ્રીપરેશન માટે વાપરે છે.

c) એકમ દ્વારા બોરવેલમાં અલગ ફ્લોમીટર પ્રોવાઈડ કરેલ નથી.

d) એરેશન ટેન્કમાં સ્લજ હોવાથી Anaerobic કન્ડીશન થઈ ગયેલ છે. જેથી તીવ્ર દુર્ગંધ આવેલ.

e) તા. ૨૭/૦૫/૨૦૧૬ નાં રોજ મુલાકાત અહેવાલ મુજબ એકમમાં 32 MLD એફ્લુઅન્ટનો ફ્લો ચાલુ હતો અને એફ્લુઅન્ટ ઓવરફ્લો થઈને સ્ટોર્મ વોટર ડ્રેઈન મારફતે અમલાખાડીમાં જતું હતું.

f) એકમનાં જુદા જુદા દિવસનાં સેમ્પલનાં(ટ્રીટેડ એફ્લુઅન્ટનાં) રીઝલ્ટ નીચે મુજબ છે. તા. ૦૭/૦૫/૨૦૧૬ નાં રોજ (COD: 802 mg/L, BOD: 222 mg/L અને $NH_3N$: 428 mg/L). તા. ૨૧/૦૫/૨૦૧૬ નાં રોજ (COD: 711 mg/L, BOD: 120 mg/L અને $NH_3N$: 322 mg/L). તા. ૨૭/૦૫/૨૦૧૬ નાં રોજ (COD: 587 mg/L, BOD: 40 mg/L અને $NH_3N$: 305 mg/L). તા. ૨૮/૦૫/૨૦૧૬ નાં રોજ (COD: 1007 mg/L, BOD: 63 mg/L અને $NH_3N$: 476 mg/L), જે માન્ય માત્રા કરતા વધુ છે.

4) આપને ત્યાં જોવા મળેલ પ્રદૂષણ નિયત માત્રા કરતાં વધારે અને પર્યાવરણને ગંભીર અસર કરે એ પ્રકારનું હતું.

ઉપરોકત સંજોગોમાં હું, ડી.એમ.ઠાકર, પર્યાવરણ ઈજનેર, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, પાણી અધિનિયમની કલમ -33 અ હેઠળ મળેલ સત્તાની રૂએ નીચે મુજબ સુચના આપું છું કે,

1) આપના COMMON EFFLUENT TREATMENT PLANT ના સંચાલન માટે જવાબદારો સામે પગલાં શા માટે ન લેવા?

2) ઉપરોકત નોન કોમ્પલયન્સ બાબતે આપના CETP ને UP GRADE કરવા / ટ્રીટમેન્ટ યોગ્ય રીતે થાય તે માટે સમયબધ્ધ કાર્યક્રમ અત્રે રજુ કરવો.

જો આપ દિન-15માં આપની લેખિત રજુઆત કરવામાં કે ખુલાસો કરવામાં નિષ્ફળ જશો તો આપને આ બાબતે રજુઆત કરવાની રહેતી નથી તેમ માનીને બોર્ડને પાંણી અધિનિયમ-1974ની કલમ-33 અ હેઠળ ઉપર મુજબનો આદેશ આપવાની ફરજ પડશે અને તે માટેની સઘળી જવાબદારી આપની રહેશે જેની નોંધ લેશો.

D. M. Thaker 16/9

(પાછળ જુઓ)

Outward No:369946, 15/09/2016

નંબર :- જીપીસીબી/એએનકે/સીસીએ-૧૦૧૫(૨૫)/આઇડી-૨૭૮૩૩/ ता.

પ્રતિ:-

૧) કબજેદાર/મેનેજરશ્રી,
મેસર્સ નર્મદા કલીન ટેક લીમીટેડ,
સુરતી ભાગોળ,
ઉમરાવાડા રોડ અંકલેશ્વર,
જી.ભરૂચ.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના નામે અને વતી,

D.M. Thaker 16/9

(ડી.એમ.ઠાકર)
પર્યાવરણ ઈજનેર

Outward No:369946,16/09/2016